Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
Economical Rates & Fast Service
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS

Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર,
નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૨૧ ● સળંગ અંક : ૧૧૦૯ ● પ્રકાશિત તા-3-૪-૨૦૨૬,શુક્રવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

આજથી હવે નવા સરનામે

● કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
● એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો
● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ● ઈમરજન્સી ● લાઈફ સેવિંગ
● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ● વેક્સીન
● બ્લડ પ્રોડક્ટ ● દવાઓ અને ઈન્જેક્શન

Wholesale I Retail I Export I Import

Wholesale Price

100 % Genuine Medicine

(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com

We Deal
ONCOLOGY | CHEMOTHERAPHY | NEPHROLOGY | TRANSPLANT
VIROLOGY | HIV | NEUROLOGY | EMERGENCY | ICU | LIFE SAVING
INFERTILITY | GYNECOLOGY | BLOOD PROD | ORTHO
RHEUMATO | VACCINE

2°c to 8°c Cold Chain Maintenance

Fast Delivery

Costly Medicines & Injectables at LOW COST

૦૨, અંકુર સોસાયટી
(વિભાગ-૧),
GHB કોમ્પ્લેક્સની સામે,
અંકુર ચાર રસ્તા પાસે,
અંકુર, નારણપુરા,અમદાવાદ-૧૩.

SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company
9978661661
9375047120

SCANE FOR LOCATION
SVH MEDINT

Pan India Delivery

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

### ટ્રાફિક જામમાંથી મળશે મુક્તિ

# અખબારનગર સર્કલ સહિતના ચાર રસ્તાઓ થશે સિગ્નલ મુક્ત..!?

અમદાવાદ: શહેરમાં ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સને લઈ તડામાર તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. જે માટે શહેરના અતિ વ્યસ્ત અંદાજે ૨૯૦ ટ્રાફિક સિગ્નલો પૈકી ૧૪૦ જેટલા દૂર કરવામાં આવશે. આ ઉપરાંત યુ ટર્ન લેવા માટે સિગ્નલથી ૧૫૦ મીટર દૂર ખાસ કટ બનાવવામાં આવશે. હાલ શહેરમાં કેટલીક જગ્યાએ આ પ્રયોગ સફળ પણ રહ્યો છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી અને શહેર ટ્રાફિક પોલીસ સાથે મળીને આ પાયલોટ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. અધિકરીઓ તેને કામચલાઉ સુધારો નહીં પણ માળખાગત સુધારો ગણાવી રહ્યા છે. સૂત્રોએ જણાવ્યું કે, ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને ટ્રાફિક જામ ઘટાડવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

શહેરના પૂર્વ વિસ્તારમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે શરૂ કરવામાં આવેલી પહેલને સકારાત્મક પરિણામ મળ્યા છે. સિગ્નલ હટાવવાથી વાહનો કોઈપણ જાતના અવરોધ વગર પસાર થઈ રહ્યા છે. પૂર્વ અમદાવાદમાં પાયલોટ પ્રોજેક્ટ હેઠળ ઓછામાં ઓછા પાંચ સિગ્નલ હટાવવામાં આવ્યા છે. જેના કારણે પીરાણા જંકશન, કોઝી હોટલ જંકશન, નારોલ સર્કલ, ગરીબનગર, હાટકેશ્વરમાં સ્વસ્તિક ક્રોસ રોડ, ખોડિયારનગર, SP રિંગ રોડ પર અદાણી જંકશન અને ડફનાળા જંકશન જેવા વિસ્તારોમાં ટ્રાફિકની સ્થિતિ સુધરી છે.

હવે પશ્ચિમ અમદાવાદના લગભગ ૪૦ જંકશનો પર કામ ચાલી રહ્યું છે. જેમાં ખાસ કરીને અંડરપાસમાંથી બહાર નીકળતા વાહનોને નજીકના સિગ્નલ પર ઉભા રહેવું પડે છે ત્યાં વધુ ધ્યાન આપવામાં આવશે. આ યાદીમાં SP રિંગ રોડ પર ઓગણજ જંકશન, અખબારનગર સર્કલ, SG હાઈવે પર છારોડી પાટિયા કટ, દેવનગર પાટિયા કટ, અતિથિ કટ અને સનાથલ કટનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ૧૩૨ ફૂટ રિંગ રોડ પર આવેલ વ્યાસવાડી ચાર રસ્તા, રાણીપ ક્રોસ રોડ (ડિમાર્ટ ચાર રસ્તા) સહિતના ચાર રસ્તાઓ રોડ પરની ડિઝાઈન, કટ વગેરે બાબતોનો સર્વે કરીને સિગ્નલ મુક્ત કરી શકાય તેમ છે, કારણ કે આ અગાઉ જયારે આ ચાર રસ્તાઓ પર સિગ્નલ નહોતા ત્યારે ટ્રાફિક નહિવત જોવા મળતો હતો, પરંતુ તાજેતરમાં સિગ્નલ લગાવ્યા બાદ દિવસ દરમિયાન ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે.જેથી સિગ્નલ દુર કરવામાં આવશે તો ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળશે એવું જાણકારોનું માનવું છે.

# અમદાવાદમાં ભાજપ ટિકિટવાંછુઓનો બે દિવસનો મેળાવડો શરૂ

## પ્રથમ દિવસે જ ઉમેદવારોની પસંદગી માટે ભાજપની સેન્સ પ્રક્રિયામાં મોટી સંખ્યામાં દાવેદારો ઉમટી પડ્યાં

અમદાવાદ : અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણીની જાહેરાત થતાં જ ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે કવાયત તેજ કરવામાં આવી છે. આજથી શહેરના વિવિધ વિસ્તારોમાં ભાજપની સેન્સ પ્રક્રિયાનો વિધિવત પ્રારંભ થયો છે. ટિકિટ મેળવવા ઈચ્છુક દાવેદારો વહેલી સવારથી જ નિરીક્ષકો સમક્ષ પોતાની રજૂઆત કરવા માટે ઉમટી પડ્યા હતા. ઉમેદવારોને ધસારો જોઈને નિરીક્ષકો પણ મુંઝવણમાં મુકાયા છે.

અમદાવાદ મહાનગરપાલિકાની ૨૬મી એપ્રિલે યોજાનારી ચૂંટણી માટે ભાજપે ઉમેદવારી પસંદગીની કવાયત હાથ ધરી છે. ભાજપ દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં આવેલી ખેતી બેંક ખાતે સવારે ૯:૩૦ વાગ્યાથી સેન્સ લેવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ પ્રક્રિયાના નિરીક્ષણ અને કાર્યકરોને માર્ગદર્શન આપવા માટે શહેર ભાજપ પ્રમુખ પ્રેરક શાહ પણ સ્થળ પર પહોંચ્યા હતા. તેમણે પ્રક્રિયાની સમીક્ષા કરી ઉમેદવારો સાથે વાતચીત કરી હતી.

ભાજપ દ્વારા આજે સેન્સ પ્રક્રિયાના પ્રથમ દિવસે જ કાર્યકરો અને દાવેદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આજે જોધપુર, વેજલપુર, સરખેજ, મકતમપુરા, ચાંદલોડિયા, સાબરમતી અને રાણીપ વોર્ડ માટે સેન્સ લેવાની કામગીરી હાથ ધરવામાં આવી છે, જ્યારે સાંજના સમયે ચાંદખેડા વોર્ડમાં સેન્સ પ્રકિયા હાથ ધરવામાં આવી હતી.

ગુરુવારે સવારથી જ સાયન્સ સિટી રોડ પર આવેલા આર.કે. હોલ અને નારણપુરા સ્થિત ખેતી બેંક ખાતે દાવેદારો અને તેમના સમર્થકોની મોટી ભીડ જોવા મળી હતી. ખાસ કરીને ચાંદલોડિયા વોર્ડ માટે મોટી સંખ્યામાં કાર્યકરો વહેલી સવારથી જ પોતાની દાવેદારી નોંધાવવા પહોંચી જતાં રાજકીય માહોલ ગરમાયો હતો.

કૂલ ૧૩ વોર્ડની ૫૨ બેઠકો માટે ૪૫૦થી વધુ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે. આજે પ્રથમ દિવસે વોર્ડ ૧થી ૬ના દાવેદારોની સેન્સ લેવાઇ હતી. આવતીકાલે ૭થી ૧૩ વોર્ડના દાવેદારોની સેન્સ લેવામાં આવશે. પ્રદેશ ભાજપ દ્વારા આ સેન્સ પ્રક્રિયા પારદર્શક અને યોગ્ય રીતે પૂર્ણ થાય તે માટે ખાસ નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી છે. જેમાં રાજયના કેબિનેટ મંત્રી પ્રદ્યુમન વાજા, કચ્છ જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી જયસુખ પટેલ અને પ્રદેશ કારોબારી સભ્ય જીજ્ઞાબેન પંડ્યાને નિરીક્ષક તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. આજે પ્રથમ દિવસે નિરીક્ષકોની પેનલ દ્વારા વોર્ડ નં. ૧ થી ૬ ના દાવેદારોની સેન્સ લેવામાં આવી હતી. દરેક દાવેદારને સાંભળીને તેમની કામગીરી અને લોકપ્રિયતાનો તાગ મેળવવામાં આવ્યો હતો. જ્યારે આવતીકાલે બાકી રહેલા વોર્ડ નં. ૭ થી ૧૩ ના દાવેદારોની સેન્સ લેવામાં આવશે.

# નવા કનેકશન નહીં મળતા ભાડૂઆતો સિલિન્ડર માટે ૩,૦૦૦ વધુ ચૂકવે છે

અમદાવાદ : અમદાવાદ શહેરમાં ભાડે રહેતા હજારો લોકો નવા ગેસ કનેકશન આપવાનું બંધ હોવાના કારણે ગેરકાયદે ગેસ બોટલ મેળવવા મજબુર બન્યા છે. હાલ ગેરકાયદે ગેસ બોટલ મેળવવા ધાકો ઈચ્છતા હોવા છતાં નવા કાયદેસર કનેકશન મેળવી શકતા નથી. ગંભીર બાબત એ છેકે, પુરવઠા વિભાગે અત્યાર સુધીમાં ભાડુઆતોને નવા એલપીજી ગેસકનેકશન આપવા અંગે કોઈ સત્તાવાર રજુઆત જ કરી નથી. હાલ ગેરકાયદે ગેસ બોટલ માટે મૂળ કિંમત કરતાં રૂ.૩,૦૦૦ સુધીની વધારાની રકમ ભાડુઆતોની ચુકવવી પડે છે. જો યુદ્ધ લાંબુ ચાલે તો આ કિંમત રૂ.૫,૦૦૦ થી ૬,૦૦૦ સુધી પહોચવાની ભીતી સેવાઈ રહી છે. આ પરીસ્થિતીનો લાભ કેટલાક ગેસ વિતરકો અને ડીલીવરી બોય મોટાપાયે લઈ રહયા હોવાનું જાણવા મળી રહયું છે. ભાડે રહેતા લોકોની મજબુરીનો લાભ લઈ વધારાની કિમત વસુલવામાં આવતી હોવાના આક્ષેપો ઉઠયા છે. જો આંતરરાષ્ટ્રીય પરીસ્થિતી અને યુદ્ધજન્ય અસરો લાંબા સમય સુધી યથાવત રહે. તો એક ગેસ બોટલ માટે રૂા.૫,૦૦૦ થી ૬,૦૦૦ સુધી ચુકવવાની સ્થિતી સર્જાવાની શકયતા પણ નકારી શકાય તેમ નથી.










NIRMAN REALTY
WE BUILD TRUST & RELATIONS
Looking to Redevelop Your Building?
Trust the Experts at Nirman Realty!
Transparent deal
Expert team
10+ years experience in redevelopment
Associated with well-known & experienced developers
Good knowledge about legality & land revenue
Other service :
Land
Jv Project
Property
nirmanrealty
Nirman Realty
https://nirmanrealty.in
MEMBERS OF
ARA NAR Registered in : RERA
For any query & inquiry
+91 9601772777

## રહેણાંકમાં કોમર્શિયલ દબાણો રીડેવલપમેન્ટ પ્રક્રિયામાં બન્યા સૌથી મોટો અવરોધ

# હાઉસિંગ બોર્ડની સોસાયટીઓમાં 'ગેરકાયદે બાંધકામો'નો રાફડો!!

## મુઠ્ઠીભર લોકો સામે બહુમતી લાચાર

**સરકારની રિડેવલમેન્ટ પોલીસીમાં રેસીડન્ટમાં ૪૦ ટકા અને કોમર્શિયલમાં ૨૫ ટકા વધુ મોટા બાંધકામ આપવાની જોગવાઈ છતાં અનેકગણા બાંધકામ તાણી બેઠા હોવાને કારણે આવા દસ-પંદર લોકોને કારણે સોસાયટીના બહુમત સભ્યોને હેરાન થવાનો વારો આવે છે...**

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

અમદાવાદ : શહેરમાં જૂની હાઉસિંગ બોર્ડની સોસાયટીઓના રીડેવલપમેન્ટ માટે સરકાર અને રહીશો ઉત્સાહિત છે, પરંતુ આ પ્રક્રિયામાં સૌથી મોટો અને સંવેદનશીલ અવરોધ 'ગેરકાયદે વધારાના બાંધકામ'નો સામે આવી રહ્યો છે. અનેક સોસાયટીઓમાં ટેન્ડર અને વર્ક ઓર્ડર અપાઈ ગયા હોવા છતાં, હાઉસિંગ બોર્ડની અનેક સોસાયટીઓમાં ગેરકાયદે દબાણ કરનારા તત્વોને કારણે સેંકડો પરિવારોના નવા ઘરના સપના અધ્ધરતાલ લટકી રહ્યા છે.

રીડેવલપમેન્ટ પ્રક્રિયાના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે, હાઉસિંગ બોર્ડની મોટાભાગની સોસાયટીઓમાં રહીશોએ મૂળ નકશા કરતા બમણું કે ત્રણ ગણું વધારાનું બાંધકામ કરી દીધું છે. સૌથી ગંભીર સ્થિતિ એ છે કે, શુદ્ધ રહેણાંક હેતુ માટે ફાળવવામાં આવેલા મકાનોમાં લોકોએ દુકાનો, શોરૂમ અને ગોડાઉન જેવા ગેરકાયદે તોતીંગ કોમર્શિયલ બાંધકામો તાણી બાંધ્યા છે. આ લોકો હવે રીડેવલપમેન્ટ પ્રક્રિયામાં અવરોધ ઊભો કરી 'વિલન'ની ભૂમિકા ભજવી રહ્યા છે.

એક ચર્ચા મુજબ, નવા વાડજમાં ગગનવિહાર એપાર્ટમેન્ટ, નારણપુરામાં શાસ્ત્રીનગર એમ-૫ (૭૨ HIG), શ્રધ્ધાદીપ એપાર્ટમેન્ટ, સિદ્ધિ એપાર્ટમેન્ટ (પ્રગતિનગર), ગોકુલ એપાર્ટમેન્ટ, સત્યમ એપાર્ટમેન્ટ(સોલા રોડ) વગેરે સોસાયટીઓમાં રીડેવલપમેન્ટમાં ગઈ છે, ટેન્ડર થઇ ગયા છે, ડેવલપરને વર્ક ઓર્ડર પણ અપાઈ ગયો છે પરંતુ ગેરકાયદેસર બાંધકામ વાળા રીડેવલપમેન્ટની પ્રક્રિયા યેનકેન પ્રકારે અટકાવે છે.આ ઉપરાંત રીડેવલપમેન્ટ પ્રક્રિયામાં જેના ટેન્ડર થઇ ગયા છે પરંતુ આગામી સમયમાં હાઉસિંગ બોર્ડ દ્વારા ડેવલપરને વર્ક ઓર્ડર આપવામાં આવનાર છે એવી સોસાયટીઓની વાત કરીએ તો નારણપુરામાં હેપ્પી હોમ એપાર્ટમેન્ટ, શાસ્ત્રીનગર એમ-૫ (૯૬+૫૬), પૂજન એપાર્ટમેન્ટ સહિત પૂર્વની અનેક સોસાયટીઓમાં મસમોટા ગેરકાયદેસર બાંધકામને કારણે રીડેવલપમેન્ટની પ્રક્રિયા અટકી શકે છે અથવા તો પુરેપુરી સંભાવના છે.આ સોસાયટીઓમાં ડેવલપર નક્કી થઈ ગયા છે અને વર્ક ઓર્ડર પણ અપાઈ ગયા છે, પરંતુ ગેરકાયદે બાંધકામ ધારકો પોતાની પકડ છોડવા તૈયાર નથી. આ ઉપરાંત, નારણપુરાના હેપ્પી હોમ એપાર્ટમેન્ટ, શાસ્ત્રીનગર એમ-૫ (૯૬+૫૬) અને પૂજન એપાર્ટમેન્ટમાં પણ આગામી સમયમાં આ જ કારણોસર મુશ્કેલી સર્જાય તેવી ભીતિ છે. હાઉસિંગ સોસાયટીઓમાં ૭૫% થી વધુ લોકો રીડેવલપમેન્ટ માટે સહમત હોવા છતાં, વધારાનું બાંધકામ કરનારા લોકો પોતાની માગણીઓ સંતોષવા માટે કાયદાકીય અને વહીવટી અવરોધો ઊભા કરે છે. જે લોકોએ રહેણાંકમાં કોમર્શિયલ એકમો બનાવ્યા છે, તેઓ નવા પ્રોજેક્ટમાં પણ એટલી જ જગ્યા અથવા વળતરની જીદ પકડીને બેઠા છે, જે નિયમ મુજબ શક્ય નથી.

ઉપરોક્ત તમામ સોસાયટીઓમાં ગેરકાયદેસર બાંધકામ ધરાવતા મકાનધારકો મુઠ્ઠીભર છે, એટલે કે કુલ મકાનધારકોની સંખ્યામાં માંડ બે થી પાંચ ટકા સુધી ગણી શકાય તેવા લોકો સમગ્ર સોસાયટીના રહીશોને જાણે બાનમાં લઈ યેનકેન પ્રકારે રીડેવલપમેન્ટની પ્રક્રિયા અટકાવી રહ્યા છે, જેને કારણે સોસાયટીઓમાં રહેતા બહુમતી લોકોને આખરે શોષાવવાનો વારો આવે છે.

હવે તમને જણાવી દઈએ કે સરકારની રિડેવલમેન્ટ પોલીસીમાં રેસીડન્ટમાં ૪૦ ટકા અને કોમર્શિયલમાં ૨૫ ટકા વધુ મોટા બાંધકામ આપવાની જોગવાઈ છતાં અનેકગણા બાંધકામ તાણી બેઠા હોવાને કારણે આવા દસ-પંદર લોકો માટે સોસાયટીના બહુમત સભ્યોને હેરાન થવાનો વારો આવે છે.

### હાઉસીંગ બોર્ડ દ્વારા રહેણાંકમાં ગેરકાયદે બાંધકામ વિરુદ્ધ લાલ આંખ કરવી પડશે : રહીશો

અમદાવાદ : સામાન્ય રહીશો અને નિષ્ણાતોનું માનવું છે કે જ્યાં સુધી તંત્ર દ્વારા આવા 'તોતીંગ' ગેરકાયદે બાંધકામો પર કાયદાનો દંડો વિઝાવવામાં નહીં આવે, ત્યાં સુધી રીડેવલપમેન્ટની પ્રક્રિયા વેગ પકડશે નહીં. જો સરકાર અને હાઉસિંગ બોર્ડ કડક હાથે કામ લઈને આ દબાણો દૂર કરે, તો જ હજારો પ્રામાણિક રહીશોને તેમના હકનું નવું અને સુરક્ષિત ઘર મળી શકશે.
એક આગેવાનના મત મુજબ ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા જ્યારે હાઉસીંગ સોસાયટીની સંમતિ સ્વીકારાય અથવા ટેન્ડરીંગ પ્રક્રિયા બાદ અને વર્ક ઓર્ડર અપાય, અથવા તો બિલ્ડર અને એસોસિયેશન વચ્ચે એમઓયુ થાય એ પહેલા આ પ્રકારના રેસીડન્ટમાં કોમર્શિયલ અને કોમર્શિયલમાં અનેક ગણા બાંધકામ તાણી બેઠા છે એવા લોકો વિરુદ્ધ નોટીસો બજાવી કાયદેસરની કાર્યવાહી કરી આ પ્રકારના ગેરકાયદે બાંધકામ દુર કરવા જોઈએ.જેથી રિડેવલમેન્ટની પ્રક્રિયા ઝડપી બનશે.

### ચુંટાયેલ પ્રતિનિધિઓની ચંચુપાત બંધ થવી જોઈએ : રહીશો

અમદાવાદ : ગુજરાત સરકારની રીડેવલપમેન્ટ પોલીસીના અમલમાં ચુંટાયેલ સંસદસભ્યો, ધારાસભ્યો, મ્યુ કોર્પોરેટરો સહિતના હાઉસિંગ વિસ્તારના રાજકીય પક્ષના આગેવાનો મોટેભાગે રસ ધરાવતા નથી, પ્રજા સાથે સીધા જોડાયેલ ચુંટાયેલ પ્રતિનિધીઓ રસ દાખવશે તો સોસાયટીઓમાં રીડેવલપમેન્ટની પ્રક્રિયામાં ઝડપ આવશે, હાઉસિંગ વિસ્તારની સોસાયટીઓના રહીશોનું રીડેવલપમેન્ટ બાદ નવા ઘરનું સપનું પુરુ થશે.
એક સોસાયટીના આગેવાન મુજબ, કેટલાંક ચુંટાયેલ ધારાસભ્યો, કોર્પોરેટરો કે ભાજપના હોદ્દેદારો આવા ગેરકાયદે બાંધકામ ધરાવતા મકાનધારકોને છાવરતા હોવાનો આક્ષેપ કર્યો છે, જેને કારણે ગેરકાયદે બાંધકામ વિરુધ મ્યુ તંત્ર કે હાઉસિંગ બોર્ડ કાર્યવાહી કરી શકતું નથી.
તેઓએ વધુમાં જણાવ્યું હતું કે ચુંટાયેલ પ્રતિનિધિઓમાં ધારાસભ્યો કે કોર્પોરેટરોએ અમલવારીમાં રસ નહીં દાખવે તો ચાલશે, પરંતુ ગેરકાયદે બાંધકામ ધારકોને સપોર્ટ આપવાનું બંધ કરશે, તો પણ ચાલશે....

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/ mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**

Digital India
Power To Empower
ડ્રાઈવીંગ લાયસન્સ
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા
ઈ-સુવિધા કેન્દ્ર
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
CSC
e-GOVERNANCE SERVICES INDIA LIMITED
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430
આયુષ્માન કાર્ડ
બેન્કીગ સર્વિસ

### ગરમીને કારણે દરવાજા ખુલ્લા રાખીને સુતા લોકો માટે ચેતવણીરૂપ બનાવો

# પોશ વિસ્તારના પીજીમાં મોબાઈલ ચોરીના બનાવો વધતા લોકોમાં ફફડાટ

અમદાવાદ : શહેરમાં બહારગામથી ભણવા કે નોકરી કરવા આવતા યુવકો મોટા પ્રમાણમાં ભાડે મકાન રાખીને પીજી તરીકે રહે છે. હાલ ઉનાળાની અસહ્ય ગરમીને કારણે ઘણા યુવકો રાત્રે દરવાજા ખુલ્લા રાખીને સુવાની ટેવ રાખે છે. આ જ ટેવનો લાભ ઉઠાવીને ચોર ટોળકીઓ સક્રીય બની ગઈ છે. વહેલી સવારે પાંચથી સાત વાગ્યાના અરસામાં આ ટોળકી મકાનોમાં ઘુસીને મોબાઈલ ફોન સહીતની કિંમતી વસ્તુઓની ચોરી કરી રહી છે. વસ્ત્રાપુર, નારણપુરા, એલીસબ્રીજ સહીતના વિસ્તારોમાં આ પ્રકારના ઉપરાછાપરી બનાવો બનતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. શહેરના પોશ વિસ્તારો પૈકી નારણપુરા,વસ્ત્રાપુર, એલીસબ્રીજ, સોલામાં અનેક મકાન માલીકોએ નોકરી કે અભ્યાસ કરવા આવતા યુવકોને ઘર ભાડે આપ્યો છે. ત્યારે છેલ્લા એક

## વસ્ત્રાપુર, નારણપુરા, એલીસબ્રિજ સહિતના વિસ્તારોમાં અનેક બનાવો

અઠવાડીયામાં આવા પીજી મકાનોમાં મોબાઈલ ચોરીના બનાવો વધી રહયા છે. તાજેતરમાં આ વિસ્તારોમાંથી પીજીમાંથી મોબાઈલ ફોન ચોરાવવાના દસેક બનાવો બનવા પામ્યા છે.ચોરો ખાસ કરીને તેવા મકાનોને નિશાન બનાવે છે. જયાં સુરક્ષા વ્યવસ્થા નબળી હોય અને રહેવાસીઓ બેદરકારીઓ દાખવે છે. આ પ્રકારના પીજીમાં રહેતા યુવકો મોડી રાત સુધી બહાર રહીને વહેલી સવારે પીજી ખાતે જઈને મીઠી નીદરમાં હોય ત્યારે વહેલી સવારે ૩થીપ વાગ્યાની વચ્ચેની ચોરીની ઘટનાઓ વધુ બની રહી છે. ગરમીના કારણે લોકોએ દરવાજા ખુલ્લા રાખ્યા હોય તેવા જ મકાનોને ટાર્ગેટ કરીને આ ટોળકી ચોરી કરે છે. તાજેતરમાં વસ્ત્રાપુરની સોહમ એવન્યુ સોસાયટીના ક્રાઉન પીજી આંગન એપાર્ટમેન્ટમાંથી ચાર ફોનની ચોરી થઈ હતી. જયારે એલીસબ્રીજમાં પણ એક પીજી મકાનમાંથી એક મહીલા ચોરે મોબાઈલ ફોનની ચોરી કરી હતી. અને સીસીટીવીમાં કેદ થઈ હતી. ત્યારે આ ઘટનાઓના કારણે યુવકોમાં ભયનો માહોલ જોવા મળી રહયો છે.

## અમદાવાદમાં ચાર વર્ષમાં ઈવીનું વેચાણ ૧૦ ટકા વધ્યું

અમદાવાદ : શહેરમાં ૪ વર્ષમાં ઈલેકટ્રીક વાહનનું વેચાણ વધ્યું છે. વર્ષ ૨૦૨૩માં સૌથી વધુ ૧૨૮૫૫ વાહનો વેચાયાં હતાં. અને વર્ષ ૨૦૨૫માં ૮૭૯૧ વેચાતાં ગત વર્ષ કરતાં ૧૦ ટકાની વધાવો જોવા મળી રહયો છે. સૌથી સકારાત્મક ટ્રેન્ડ થ્રી વ્હીલરના વેચાણમાં જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૨માં ૧૬૭થી વધીને વર્ષ ૨૦૨૫માં ૫૪૪ સુધી પહોચ્યું છે. કારનું રજીસ્ટ્રેશન પણ ૯૨૨થી વધીને ૧૯૨૦ સુધી આંકડો પહોચી ગયો છે. વધુમાં વધુ ઈલેકટ્રીક વાહનો વેચાય ત્યારે ફાસ્ટ ચાર્જીગની પણ જરૂર પડે તેને ધ્યાનમાં રાખીને મ્યુનિ.દ્વારા શહેરમાં ૮૨ જગ્યાએ કાર પાર્કીગ અને ૧૧ જગ્યાએ ફાસ્ટટુવ્હીલર ચાર્જીગ પોઈન્ટ બનાવશે. ચાર્જીગ માટેના ઈન્ફાસ્ટ્રકચરમાં સુધારો થાય અને લોકોના વાહનો ઝડપથી ચાર્જ થાય તેને ધ્યાનમાં રાખીને ચાર્જીગ માટેની નવી સુવિધાનો વિકાસ પણ કરાઈ રહયું છે.


















Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.